# એમ. આર. દેસાઇ આર્ટસ એંડ ઇ. ઇ. લહેર કોસડિયાં કોમર્સ કૉલેજ ચીખલી

~ ચેતનભાઈ ડી પટેલ(ઇતિહાસ વિભાગ)

# ઈતિહાસલેખન-પદ્ધતિ એટલે શું?- અર્થ અને સમજૂતી

- ભૂતકાળના અવશેષો તથા દસ્તાવેજોનું તલસ્પર્શી પરીક્ષણ તથા પૃથક્કરણ કરવાની પ્રક્રિયાને ઐતિહાસિક પદ્ધતિ કહી શકાય.

- આ પ્રક્રિયામાંથી મળેલી હકીકતને આધારે ભૂતકાળના રજૂ કરવામાં આવતાં કલ્પના કે ધારણાયુકત ચિત્રને*ઈતિહાસલેખનનું* નામ આપી શકાય

- ઈતિહાસલેખન એટલે ભૂતકાળનાં માનવજીવનનું સંપૂર્ણ ચિત્ર એમ કહી શકાશે નહિ, પરંતુ તેનું શક્ય તેટલું મર્યાદા સાથેનું વિવરણ એમ કહેવું ઘટે.

- વળી, એ યાદ રાખવું ઘટે કે ઈતિહાસલેખન એ સર્જન નથી;દસ્તાવેજો મારફત હકીકતોનું સર્જન તો થયેલું છે જ, પરંતુ ઈતિહાસલેખન એ સર્જન પરનું પુનઃસર્જન છે અને એ રીતે તે કાલ્પનિક વાર્તા, નવલકથા, કવિતા, નાટક વગેરેનાં સર્જનથી જુદું પડે છે

# ઈતિહાસલેખન પદ્ધતિનાં ધોરણોઃ

- વર્ષોથી ઈતિહાસલેખનની પરંપરા ચાલી આવી છે અને તે માટેનાં ધોરણો જુદાં જુદાં ઈતિહાસકારોએ જુદા જુદા સમયે પોતે લખેલાં લખાણો મારફત રજૂ કરેલાં છે.
- થસિડાઈડસે પ્રસ્થાપિત કરેલી ઈતિહાસલેખનની આ વિચારધારા અમુક ઈતિહાસકારોએજાળવી અને તેને વધારે વિસ્તૃત અને સમૃદ્ધ કરી.
- લુસિયન, ઈબ્ન, ખલ્ડન, બોડિન,વોલેર, રાજ્યે વગેરેએ ઈતિહાસલેખનની પદ્ધતિ અને તેનાં ધોરણોનું વિસ્તારથી વિવરણ કર્યું.

- ઈતિહાસકારોએ ઐતિહાસિક પદ્ધતિ તથા ઈતિહાસલેખન માટે પાયાની બાબતો તરીકે મુખ્યત્વે ચાર મુદાઓની ચર્ચા કરેલી છે :

1. મુદાની પસંદગી.
2. સાધનોનું એકત્રીકરણ.
3. પૃથક્કરણ.
4. આલેખન

# ઈતિહાસલેખન પદ્ધતિની આવશ્યકતાઓ:

- ઈતિહાસલેખનની સૌ પ્રથમ જરૂરિયાત છે:

  દસ્તાવેજોની આધારભૂતતાની ખાતરી કરવી એ ઈતિહાસકાર તેમજ ઈતિહાસલેખન માટે પાયાની જરૂરિયાત છે.

- જ્યાં જ્યાં અને જેટલી જેટલી અશુદ્ધિઓ દેખાય તે તેણે દૂર કરવી જોઈએ અને તેને બદલે શુદ્ધ હકીકત મૂકવી જોઈએ.

- આમ, દસ્તાવેજ શુદ્ધ અને વાસ્તવિક થવાથી, ઈતિહાસલેખન પણ વાસ્તવિક બને છે.

- વળી, ઈતિહાસકારે પસંદ કરેલ પ્રત્યેક દસ્તાવેજની હકીક્તની શબ્દશ: અને પૂરતી ઝીણવટથી
તપાસ કરવી જોઈએ.
- હકીકતમાં કોઈ અતિશયોક્તિ કે અવમૂલ્યન નથી તેની તેણે ખાતરી કરવી જોઈએ.
- ઈતિહાસકારે પોતે ઉપયોગમાં લેવા ધારેલ દસ્તાવેજોની હકીકતની અન્ય સમકાલીન દસ્તાવેજોમાંની એવા જ પ્રકારની હકીકત સાથે તુલના કરવી જોઈએ
અને તે રીતે તેની યથાર્થતાની ચકાસણી કરવી જોઈએ.
- આમ થાય તો ઈતિહાસલેખન વૈજ્ઞાનિક સ્વરૂપનું બને.

- ઈતિહાસલેખન માટે હકીકતની શુદ્ધતાની સાથે તેની યોગ્ય ગોઠવણી કે તેનું સંકલન પણ તદન આવશ્યક છે.

- મુદાની ઉપયોગિતા તથા હકીકતના ક્રમ પ્રમાણે તેનું સંકલન થવું જોઈએ.

- સંકલનથી આલેખન સરળ બને છે.

# ઈતિહાસલેખન અને ઈતિહાસલેખન પદ્ધતિનું મહત્ત્વ :

- સામાન્યતઃ ભૂતકાળનાં માનવજીવનને લગતી ઘટનાઓનાં પૃથક્કરણને ઈતિહાસનું નામ આપી શકાય અને પૃથક્કરણની પ્રક્રિયાને ઈતિહાલેખન તેમજ ઈતિહાસલેખન પદ્ધતિ કહી શકાય.
- વિખ્યાત ફ્રેન્ચ ઈતિહાસકાર **ચાર્લ્સ સીગ્નોબો**નાં કથન પ્રમાણે ઈતિહાસ એ વિજ્ઞાન નહિ, પરંતુ એક પ્રકારની પદ્ધતિ છે.
- માનવજીવનનું પૃથક્કરણ કરતું તે શાસ્ત્ર છે કે તેને લગતી પ્રક્રિયા છે.

- ઈતિહાસલેખન તેમજ ઈતિહાસલેખન પદ્ધતિને માનવજીવનનું મારફત જ પ્રકાશમાં આવે છે.
- ઐતિહાસિક પદ્ધતિથી ભૂતકાળનાં માનવજીવન વિશેનાં નક્કર તથા વાસ્તવિક પરિણામો તારવી શકાય છે.
- ઈતિહાસલેખક તથા ઐતિહાસિક પદ્ધતિ મારફત ભૂતકાળ વિશેનું ઊંડું તથા વિસ્તૃત જ્ઞાન પ્રાપ્ત થાય છે.
- આમ, ઐતિહાસિક પદ્ધતિને માનવ-ભૂતકાળ વિશે જ્ઞાન મેળવવાની પ્રક્રિયા પણ કહી શકાય.

- ઐતિહાસિક પદ્ધતિ એ માત્ર ઈતિહાસના લેખક કે વિદ્યાર્થીનિ જ ઉપયોગી નથી, પરંતુ તે ભૂતકાળના બનાવોનું પૃથક્કરણ કરીને તેને વિશે જ્ઞાન આપતી હોવાથી કોઈ પણને ઉપયોગી છે.
- ઐતિહાસિક પદ્ધતિ પુરાવાનું ઊંડું પરીક્ષણ કરીને સંશોધનની ભૂમિકા બાંધે છે
- એતિહાસિક પદ્ધતિથી ઈતિહાસકારને સાધનોનાં એકત્રીકરણ, પૃથક્કરણ તથા તેમની હકીકતનાં સંયોજનનું માર્ગદર્શન મળે છે.

- ઈતિહાસલેખન માટે હકીકતની શુદ્ધતાની સાથે તેની યોગ્ય ગોઠવણી કે તેનું સંકલન પણ તદન આવશ્યક છે.

- મુદાની ઉપયોગિતા તથા હકીકતના ક્રમ પ્રમાણે તેનું સંકલન થવું જોઈએ.

- સંકલનથી આલેખન સરળ બને છે.

# ઈતિહાસલેખન પદ્ધતિની મુશ્કેલીઓ અને તેમનું નિવારણ :

- વિખ્યાત ઈતિહાસકાર બેકર નોંધે છે કે ઈતિહાસના બનાવો એટલા જટિલ અને ગ્રાહ્ય કરવા મુશ્કેલ હોય છે કે નિષ્ણાતમાં નિષ્ણાત અને ખૂબ ઉદ્યમી ઈતિહાસકારને પણ તે જે રીતે બન્યા તે જ રીતે તેમનું વિવરણ કરવાનું કઠિન બને છે.
- પુરાવાને આધારે તારવવામાં આવતી હકીકત પૂર્ણ હોતી નથી એટલે ભૂતકાલીન જીવનનું સંપૂર્ણ વાસ્તવિક ચિત્ર તેમાંથી પ્રાપ્ત થતું નથી.
- આવી હકીકતોનો વર્તમાન માનવજીવનની હકીકતો સાથે સંબંધ બેસાડવાનું પણ સરળ
નથી.

# નિવારણ માટેના ઉપાયો :

- દિસ્તાવેજોને આધારે હકીકતોની શુદ્ધ રજૂઆત તથા તેમાં કોઈ તોડ-મરોડ નહિ એ ઈતિહાસકારનું મૂળભૂત ધ્યેય હોવું જોઈએ.
- ઈતિહાસલેખનને પક્ષીય રાજકારણ તથા પૂર્વગ્રહોથી ઈતિહાસવિદે મુક્ત રાખવું જોઈએ.
- સરકારો તથા રાજપુરુષોનાં મંતવ્યોને અનુકૂળ થવા તેમજ તેમનાં અઘટિત કૃત્યો છાવરવા ઘણી વખત દસ્તાવેજોમાં ફેરફાર કરવામાં આવે છે તથા અમુક દસ્તાવેજોનો નાશ પણ કરવામાં આવે છે.

- ઈતિહાસકારે શુદ્ધ ઈતિહાસલેખન તથા વૈજ્ઞાનિક ઈતિહાસ પદ્ધતિના વિકાસ માટે દસ્તાવેજોનાં અસલીપણા તેમજ તેની આધારભૂતતા અને વિશ્વસનીયતાની પ્રથમ પૂરેપૂરી ખાતરી કરી લેવી જોઈએ.

- તથા આવા દસ્તાવેજોનું વર્ણન નહિ પણ તેમનું તથા તેમની પાછળના વિચારોનું વિવેચન એ ઈતિહાસલેખન પદ્ધતિનો પાયો છે એ સત્ય હંમેશાં યાદ રાખવું જોઈએ

# ઈતિહાસલેખન પદ્ધતિના પાયાના સિદ્ધાંતો:

- ઈતિહાસની આધુનિક વ્યાખ્યા પ્રમાણે ભૂતકાળમાં મનુષ્ય કરેલી વિવિધ પ્રવૃત્તિઓના સમગ્ર સરવાળાને ઈતિહાસ કહી શકાય.
- આમ, ઈતિહાસ એ ભૂતકાળની વાસ્તવિક્તાનું દર્શન હોવાથી તેના બનાવોનાં યથાર્થ સંશોધન, વિવેચન, સંકલન અને લેખનને ઈતિહાસલેખન પદ્ધતિનું નામ આપી શકાય.
- ઈતિહાસ અને સાહિત્યની કોઈ શાખા નથી, પરંતુ
એક સ્વતંત્ર શાસ્ત્ર છે, માટે તેની વૈજ્ઞાનિક રજૂઆતને ઈતિહાસલેખન પદ્ધતિ કહી શકાય.

# સિદ્ધાંતોના પ્રકાર :

- આમ, ઈતિહાસ કે કોઈપણ પ્રકારનું લેખન ચોક્કસ નિયમો કે સિદ્ધાંતોને આધારે થાય છે.આવા સિદ્ધાંતોના મુખ્ય ચાર પ્રકાર છે.

  તેમને અને ક્રમે:

  (૧) એકત્રીકરણ કે સંશોધન (Heuristics)
  (૨) પૃથક્કરણ કે વિવેચન (Criticism)
  (3) એકીકરણ કે સંકલન(Synthesis)
  (૪) રજૂઆત કે આલેખન (Exposition)

આભાર